©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 30th APRIL, 2026/VAISHAKHA 10, 1948 [No. 3201

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

રાજકોટ મહાનગરપાલિકા

અધિસુચન

રા.મ્યુ.કો./ટી.પી./મધ્યસ્થ ટી.પી./જા.નં. ૧૬૯.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ પેટાકલમ-(૧) અન્વયે રચાયેલ રાજકોટ શહેરી વિકાસ સતામંડળે તેના તા. ૨૨-૦૨-૧૯૭૮નાં ઠરાવ નં.૩થી રાજકોટ મહાનગરપાલિકાનાં વિસ્તાર માટે સમુચિત સતામંડળોના કાર્ય બજાવવા રાજકોટ મહાનગરપાલિકાને સતાઓ આપેલ છે.

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમન-૧૯૭૬ ની કલમ-૪૧(૧) ની જોગવાઈઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની એડમીન ઠરાવ નં.૦૨ તા.૧૪-૦૪-૨૦૨૬થી ઠરાવ્યા મુજબ નીચે દર્શાવેલ સર્વે નંબરો/આખરીખંડ નંબર આવરી લેતા વિસ્તારો માટે મુસદારૂપ નગર રચના યોજના રાજકોટ નં.૧-રાજકોટ(તૃતીય ફેરફાર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરેલ છે.

મુસદારૂપ નગર રચના યોજના રાજકોટ નં.૧-રાજકોટ (તૃતીય ફેરફાર)

અંતિમ ખંડ નં. ૪૨૩(પ્લે ગ્રાઉન્ડ હેતુ)

આ નકશાની અધિકૃત નકલ રાજકોટ મહાનગરપાલિકા, ડો.આંબેડકર ભવન, મધ્યસ્થ ટાઉન પ્લાનિંગ શાખા, રૂમ નં.૦૭, સેન્ટ્રલ ઝોન ખાતેની કચેરીએ રજા સિવાયના દિવસોએ ઓફિસ સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

તુષાર ડી. સુમેરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

એડમીન ઠરાવ નં. ૦૨ તા.૧૪-૦૪-૨૦૨૬

આખરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)ના આખરી ખંડ નં.૪૨૩ "સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ હેતુ" (ક્ષેત્રફળ ૪,૧૯૭ ચો.મી.) અનામત પ્લોટ રદ કરી નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ને પ્લે-ગ્રાઉન્ડના હેતુ માટે ફાળવવા અધિનિયમની કલમ-૭૧ હેઠળ વરીડ કરવા માટે ઈરાદો જાહેર કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૦૩ તા.૧૦/૦૪/૨૦૨૬ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની આખરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ) વર્ષ-૧૯૮૪ થી આખરી મંજુર છે અને જે યોજના અમલમાં હતી, આખરી નગર યોજનામાં સમાવેશ થતા રે.સ.નં.૪૫૭ પૈકી મૂળખંડ નં.૨૯ને આખરી ખંડ નં.૪૨૩ કે જે શ્રી ઘુસાભાઈ ટપુભાઈની માલિકીનો આવેલ હતો, સદર આખરી ખંડ નં.૪૨૩ સદર સ્કીમમાં સમાવેશ થતા રે.સ.નં.૪૫૯ પૈકી મૂળખંડ નં.૩૧ માંથી કપાત થતી જમીનમાં ફાળવેલ હતો. આખરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)ની દરખાસ્ત મુજબ મુળખંડ નં.૩૧ નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ની માલિકી આવેલ છે. આમ, મૂળખંડ નં.૩૧ ના માલિક નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ) દ્વારા તેમની મૂળખંડની માલિકીની જમીનમાંથી કપાત થતી જમીન બાબતે નામદાર હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ, જેમાં નામદાર હાઈકોર્ટનાં મનાઈ હુકમના કારણે નગર રચના યોજનાનું અમલીકરણ થઈ શકતું ન હતુ. વધુમાં આખરી ખંડ નં.૪૨૩ના માલિક શ્રી ઘુસાભાઈ ટપુભાઈ દ્વારા પણ નામદાર હાઈકોર્ટમાં દાવો દાખલ કરેલ. જેમાં સરકારશ્રી પણ હાઇકોર્ટ મેટરમાં પ્રતિવાદી તરીકે હતી જે અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક:ટીપીએ-૨૪૨૦૨૧-એચસી-૮૬૨-લ તા.૨૨-૧૨-૨૦૨૧ના સુચન મુજબ આખરી ખંડ નં.૪૨૩ના માલિક શ્રીઘુસાભાઈ ટપુભાઈની માલિકીના મૂળખંડ માંજ ખુલ્લી જમીનમાં આખરી ખંડ ફાળવવો, તથા મૂળખંડ નં.૩૧ માંથી કપાત થતી જમીનમા "સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ" હેતુનો અનામત પ્લોટ રાખવાનો હુકમ કરતા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની જોગવાઈઓને આધીન કલમ-૭૧ હેઠળ સ્કીમને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્પે.સી.એ.નં.૧૭૧૧/૨૦૧૭થી નામદાર હાઈકોર્ટ તા.૨૩/૧૨/૨૦૨૧ના હુકમ અન્વયે દર્શાવ્યા મુજબ જરૂરી ઠરાવ કરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ) (પ્રથમ ફેરફાર) કરી સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ. આમ,નગર રચના યોજના નં.૦૧(રાજકોટ) (પ્રથમ ફેરફાર)ને સરકારશ્રી દ્વારા આખરી મંજુર કરતા હાલ અમલમાં છે. સદર અમલી યોજના મુજબના આખરીખંડ નં.૪૨૩ "સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ હેતુ" ક્ષેત્રફળ ૪,૧૯૭ ચો.મી.આવેલ છે. સદર આખરી ખંડ નં. ૪૨૩ રે.સ.નં.૪૫૯ પૈકી મૂળખંડ નં.૩૧ માંથી કપાત થતી જમીનમાં ફાળવેલ હતો. તેમજ મુળખંડ નં.૩૧ ની માલિકી નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ની આવેલ છે. આમ, નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ) દ્વારા તેમની મૂળખંડની માલિકીની જમીનમાંથી કપાત થતી જમીન બાબતે નામદાર હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ હતી. રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા ઠરાવ નં.૬૨ તા.૧૯-૦૩-૨૦૨૨થી દર્શાવેલ નામદાર હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.૧૭૧૧/૨૦૧૭ તા.૨૩-૧૨-૨૦૨૧ના હુકમ મુજબ આખરી ખંડ નં.૪૨૩ ને(સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ) ક્ષેત્રફળ ૪,૧૯૭.૦૦ ચો.મી. નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ને પરત આપવા જણાવેલ. પરંતુ નામદાર હાઈકોર્ટના હુકમનું ઉલ્લંઘન થતા સ્પે.સી.એ.નં. ૧૭૧૧/૨૦૧૭થી નામદાર હાઈકોર્ટ તા.૨૪-૧૨-૨૦૨૫ના હુકમ થી દર્શાવેલ તા.૨૪-૧૨-૨૦૨૫ના હુકમ મુજબ આખરી ખંડ નં.૪૨૩ ને(સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ) ક્ષેત્રફળ ૪,૧૯૭.૦૦ ચો.મી. ને રદ કરી નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ) ને પ્લે-ગ્રાઉન્ડ હેતુના ઉપયોગ માટે પરત આપવા ઓરલ ઓર્ડર કરવામાં આવેલ. જે અન્વયે અત્રેથી કાર્યવાહી પ્રગતિમાં હોય તે દરમ્યાન સ્પે. સી.એ.નં.૧૭૧૧/૨૦૧૭થી નામદાર હાઈકોર્ટ તા.૧૦/૦૨/૨૦૨૬થી દર્શાવ્યા મુજબ નામદાર હાઈકોર્ટના તા.૧૦-૦૨-૨૦૨૬ ના હુકમ અન્વયે શરત ચૂક થયેથી કોર્ટને "કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ" ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવેલ છે.

આમ, આખરી ખંડ નં.૪૨૩ "સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ હેતુ" (ક્ષેત્રફળ ૪,૧૯૭ ચો.મી.) અનામત પ્લોટ રદ કરી નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ને ફક્ત પ્લે-ગ્રાઉન્ડના હેતુ માટે ફાળવવા અધિનિયમની કલમ-૭૧ હેઠળ વરીડ કરવા સામાન્ય સભા ઠરાવ નં.૧૦૧ તા. ૧૦-૦૩-૨૦૨૬થી યોજના વેરીડ કરવા બાબતે થયેલ ઠરાવથી સામાન્ય સભામાં દરખાસ્ત મંજુર કરવામાં આવેલ અને સદર ઠરાવને તા.૧૧/૦૩/૨૦૨૬ થી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. તે મુજબ આખરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)(તૃતીય ફેરફાર)ના આખરી ખંડ નં.૪૨૩(પ્લે-ગ્રાઉન્ડ) ક્ષેત્રફળ ૪,૧૯૭ ચો.મી. જમીનને નિર્મલા સોસાયટી(નિર્મલા સ્કુલ)ને પ્લે-ગ્રાઉન્ડ હેતુ માટે ફાળવવા યોજના વેરીડ કરવા માટે અધિનિયમની કલમ-૪૧(૧) અન્વયે તા.૧૨-૦૩-૨૦૨૬ થી મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો હદ પરામર્શ માંગવામાં આવેલ. જે અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગર દ્વારા ક્રમાંક:ન.ર.યો.નં.૦૧(રાજકોટ)(ત્રી.ફે.)/કલમ-૪૧(૧)/સૌ/૯૫૫ તા. ૧૮-૦૩-૨૦૨૬થી મુખ્ય નગર નીયોજકશ્રીનો અત્રેને મળેલ પરામર્શથી દર્શાવ્યા મુજબ તા.૧૮/૦૩/૨૦૨૬ થી પરામર્શ આપવમાં આવેલ છે.

આમ, ઉપરોક્ત હકીકતોએ નામ.હાઈકોર્ટના ઓરલ ઓર્ડર અન્વયે આખરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)(પ્રથમ ફેરફાર) મુજબના રાજકોટ મહાનગરપાલિકાને "સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ"ના હેતુ માટે પ્રાપ્ત થયેલ આખરી ખંડ નં.૪૨૩ની જમીન ક્ષેત્રફળ ૪,૧૯૭ ચો.મી.ને રદ કરી નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ને ફક્ત "પ્લે-ગ્રાઉન્ડ" હેતુ માટે ફાળવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૭૧ અંતર્ગત મુસદારૂપ નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)(તૃતીય ફેરફાર)ને વેરીડ કરવા જરૂરી ઈરાદો જાહેર કરવા, તેની જાહેર પ્રસિદ્ધિ કરવા તેમજ અધિનિયમની જોગવાઈઓ મુજબની સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા તેમજ ભવિષ્યમાં તેને આનુષાંગિક કરવાની થતી તમામ કાર્યવાહી કરવા માટે કમિશનરશ્રીને અધિકૃત કરવા માટે આ દરખાસ્ત રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક: No.KV-55 of 2026-UDUHD/MRT/e-file/18/2026/0565/P Section, તા.૩૦-૦૩-૨૦૨૬ અન્વયે એડમિનિસ્ટ્રેટરશ્રીને આપવામાં આવેલ ટાઉન પ્લાનિંગ સમિતિ/સામાન્ય સભાની સતાની રૂએ કમિશનરશ્રીએ મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેટરશ્રી સમક્ષ જરૂરી ઠરાવ અર્થે, દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, આખરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)ના આખરી ખંડ નં.૪૨૩ "સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ હેતુ" (ક્ષેત્રફળ ૪,૧૯૭ ચો.મી.) અનામત પ્લોટ રદ કરી નિર્મલા સોસાયટી (નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ને પ્લે-ગ્રાઉન્ડના હેતુ માટે ફાળવવા અધિનિયમની કલમ-૭૧ હેઠળ વરીડ કરવા માટે ઈરાદો જાહેર કરવાના કામે, આખરી નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)(પ્રથમ ફેરફાર) મુજબના રાજકોટ મહાનગરપાલિકાને "સ્કુલ & પ્લે ગ્રાઉન્ડ"ના હેતુ માટે પ્રાપ્ત થયેલ આખરી ખંડ નં.૪૨૩ની જમીન ક્ષેત્રફળ ૪,૧૯૭ ચો.મી. ને રદ કરી નિર્મલા સોસાયટી(નિર્મલા કોન્વેન્ટ સ્કુલ)ને ફક્ત "પ્લે-ગ્રાઉન્ડ" હેતુ માટે ફાળવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૭૧ અંતર્ગત મુસદારૂપ નગર રચના યોજના નં.૦૧(રાજકોટ)(તૃતીય ફેરફાર)ને વેરીડ કરવા જરૂરી ઈરાદો જાહેર કરવા, તેની જાહેર પ્રસિદ્ધિ કરવા તેમજ અધિનિયમની જોગવાઈઓ મુજબની સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા તેમજ ભવિષ્યમાં તેને આનુષાંગિક કરવાની થતી તમામ કાર્યવાહી કરવા માટે કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાને અધિકૃત કરવાનું મંજુર કરવામાં આવે છે.

તા. ૧૪-૦૪-૨૦૨૬

મંજુર

સહી/- અવાચ્ય
એડમિનિસ્ટ્રેટર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.01 17:13:06 IST